

## આંતર સ્કૂલ વાર્ષિક કવિઝ કોમ્પીટીશન યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વૈદિક ગણિત વિભાગ દ્વારા આંતર સ્કૂલ વાર્ષિક મેથ્સ મંત્ર કવિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૬, ૭, ૮ની અન્ય શાળાની કુલ ૧૫ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૭ની ટીમ દ્વારા શાળાને દ્વિતિય ક્રમ પ્રાપ્ત થયો હતો. તા. ૩-૧-૨૦૧૮ને બુધવારના રોજ યોજાયેલ મેથ્સ મંત્ર કવિઝ કોમ્પીટીશનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તથા વિજેતા વિદ્યાર્થીઓ ઝાલા યુવરાજસિંહ, પટેલ રાજન, ભરવાડ હિરેન અને સોઢા શિવરાજસિંહને શાળાના આચાર્યા નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરમાં FSL ખાતે અદ્યતન ફૂડ રિસર્ચ લેબોરેટરીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે વિતરીત થતા અનાજ અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા-કવોલિટી ઉચ્ચકક્ષાની મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનું નવતર સોપાન



ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યું છે.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ અને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના સહયોગથી ગાંધીનગરમાં રૂ.૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલી અદ્યતન ફૂડ રિસર્ચ લેબોરેટરીનો કાર્યારંભ કરાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ આ ફૂડ રિસર્ચ લેબોરેટરી સ્ટેટ ઓફ ધ આર્ટ કક્ષાની બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કરતાં કહ્યું કે દેશના અન્ય રાજ્યો તેમજ વિદેશોમાંથી પણ આ ફૂડ રિસર્ચ લેબોરેટરીના નવતર પ્રયોગ પ્રત્યે જિજ્ઞાસા જાગી છે. રાજ્યમાં ૧૭ હજાર ઉપરાંત વાજબી ભાવની સસ્તા અનાજની દુકાનો પરથી રાહત દરે ખાદ્યાન્ન, તેલ, કઠોળ મેળવતા ૩.૮૪ કરોડ લાભાર્થીઓ તેમજ ૩૩ હજાર મધ્યાન્હ ભોજન કેન્દ્રોના ૩૯ લાખ બાળકો અને ૫૩ હજાર આંગણવાડીના ૬૫ લાખ જેટલાં ભુલકાંઓને શુધ્ધ-ગુણવત્તાયુકત અનાજ-કઠોળ-તેલ વગેરે મળી રહે તે માટે કવોલિટીમાં કોઈ જ કોમ્પ્રોમાઈઝ ન થાય અને ફૂડ રિસર્ચ લેબોરેટરીમાં ટેસ્ટ થયેલ પ્રમાણિત પુરવઠો જ મળે તેવો સરકારનો ધ્યેય રહ્યો છે. વિજયભાઈ રૂપાણીએ જરૂરતમંદોને અપાતા ખાદ્યાન્નની ગુણવત્તામાં ભેળસેળ-હલકી કક્ષા સામે ઝિરો ટોલરન્સ માટે આ ફૂડ રિસર્ચ લેબોરેટરી એક સક્ષમ માધ્યમ બનશે તેવો દ્રઢ વિશ્વાસ દર્શાવ્યો હતો.

આ લેબોરેટરીના પ્રારંભ વેળાએ કાયદો-ન્યાયતંત્ર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અન્ન-નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડીયા, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, નાગરિક પુરવઠા નિગમના અધ્યક્ષ રાજેશ પાઠક તેમજ અન્ન-નાગરિક પુરવઠા વિભાગના વરિષ્ઠ સચિવો, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના અધિકારીઓ પણ જોડાયા હતા.

# થરાદ તાલુકામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો પ્રારંભ

થરાદ, તા. ૪

સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓના બાળકોના આરોગ્યની



ચકાસણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે.જેની થરાદ તાલુકામાં તાલુકાના ધારાસભ્ય અને રાજ્યના નવનિર્વાચિત મંત્રી પરબતભાઈ પટેલના ભાચર ગામની પ્રાથમિક શાળાથી સોમવારે શરૂઆત થવા પામી હતી. આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતુંકે તાલુકાના ૧ લાખ ઉપરાંત શાળા અને આંગણવાડીના તમામ બાળકોની કુલ ૧૨ પીએચસી અને અને ૭ આર.બી.એસ.કે.ની ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે. જેમાં કિડની કેન્સર કે હૃદય જેવી અનેક ગંભીર બીમારીઓમાં કે કુપોષિત બાળકોને વધુ સારવાર માટે આગળ રીફર કરીને સરકાર દ્વારા ફ્રી માં સારવાર કરાવવામાં આવે છે.

થરાદના બ્લોક હેલ્થ ઓફિસર ડૉ એચ.વી.જેપાલ અને ભાચર પીએચસીના ડૉ. આર. એ. ચૌધરીના માર્ગદર્શન મુજબ ભાચર પીએચસીના આર.બી.એસ.કે. ડૉ. જસ્મિત આર ત્રિવેદી તથા એમએફડબલ્યુ ભગવાનભાઈ રબારી, સુપરવાઈજર ઉમેદભાઈ પંડ્યા દ્વારા સ્કૂલના પ્રિન્સિપાલ માધાભાઈ એન. સોલંકી, શિક્ષક રાજાભાઈ એન.પટેલ સહિત સ્ટાફની ઉપસ્થિતી વચ્ચે હાજરી બાળકોના આરોગ્ય તપાસ કરી તેમને આરોગ્ય અંગેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું.

# તેલાવ ખાતે ૭મીથી આત્મીય યુવા મહોત્સવ

અમદાવાદ,તા. ૪

ભગવાન શ્રી સ્વામિનારાયણની કલ્યાણ પરંપરાના વર્તમાન જયોર્તિધર અને યોગી ડિવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ પૂ.હરિપ્રસાદ સ્વામીજીના ૮૪માં પ્રાગટ્ય દિન નિમિતે આત્મીય સમાજ દ્વારા તા.૭મી જાન્યુઆરીએ અમદાવાદમાં સરખેજ-સાણંદ રોડ પર તેલાવ ખાતે ભવ્ય આત્મીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશ-વિદેશમાંથી બે લાખથી વધુ યુવાઓ ભાગ લેવા આવવાના છે. આ ભવ્ય આત્મીય યુવા મહોત્સવમાં રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી, ભારતમાતા મંદિરના અધિષ્ઠાતા પૂ.સત્યમિત્રાનંદજી, અનુપમ મીશન-મોગરીના અધિષ્ઠાતા પૂ.જસભાઈ, પૂ.અક્ષરવિહારી સ્વામી (સાંકરદા) સહિતના મહાનુભાવો ખાસ હાજરી આપશે. આ આત્મીય યુવા મહોત્સવમાં ભારત ઉપરાંત અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, જર્મની, સ્વીત્ઝરલેન્ડ, પોલેન્ડ, સીંગાપોર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફ્રાંસ, કેન્યા, યુએઈ સહિતના દેશોમાંથી બે લાખથી યુવાનો ઉમટવાના છે. બહારના ૧૪ દેશોમાંથી બે હજારથી વધુ યુવકો ખાસ આ મહોત્સવ માટે અમદાવાદ આવવાના છે એમ અત્રે પૂજય ત્યાગ વલ્લભસ્વામી અને પૂ.ગુરૂપ્રસાદ સ્વામીએ જણાવ્યું હતું. દર વર્ષે હરિપ્રદાસ સ્વામીજીનું પ્રાગટ્ય જુદા જુદા શહેરોમાં ઉજવાય છે અને આ વર્ષે આત્મીય સમાજના આ ભવ્ય આત્મીય યુવા મહોત્સવનું અમદાવાદ શહેરના તેલાવ ખાતે આયોજન કરાયું છે. પૂજય ત્યાગ વલ્લભસ્વામી અને પૂ.ગુરૂપ્રસાદ સ્વામીએ જણાવ્યું હતું કે, યુવાનોમાં સંસ્કારનું સિંચન થાય અને તેઓમાં તમામ સદ્‌ગુણો કેળવાય અને તેમના થકી સમાજ, રાજય અને રાષ્ટ્ર સંસ્કૃતિસભર, સંસ્કારી અને પરમ વૈભવના શિખર સુધી પહોંચી શકે તેવા ઉમદા આશયથી આ યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના કેન્દ્રમાં યુવાનો જ છે. કારણ કે, સ્વામીજી માને છે કે, જો યુવાનો બચશે તો, દેશ બચશે. સંસ્કૃતિના સંસ્કારો બચશે. ભારતને તેની આર્થિક સધ્ધરતા નહી પરંતુ પવિત્રતા, પ્રમાણિકતા, આત્મીય અને વિવેકી યુવાનો ફરી એકવાર પરમ વૈભવના શિખરે પહોંચાડશે. પૂ.હરિપ્રસાદ સ્વામી મહારાજે શિક્ષણ અને સંસ્કારનો સમન્વય થાય તેવા વિદ્યાતીર્થોનું પણ નિર્માણ કરાવ્યું છે, તેમાં શહેરના નિર્ણયનગર પાસે અર્જુનઆશ્રમ રોડ પર આવેલ આત્મીય વિદ્યાનિકેતનનો પણ સમાવેશ થાય છે.

## દલિતોએ બોટાદ, સુરત, જૂનાગઢમાં બંધ પાળી વિરોધ નોંધાવ્યો

# રાજ્યમાં બીજે દિવસે પણ ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,તા.૪

મહારાષ્ટ્રની કોમી હિંસાની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે ગત રાત્રીના ધોરાજી નજીક એસ. ટી બસને સળગાવી દેવાની ઘટના બનતા તંત્ર સતર્ક બન્યું છે. ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતુ જેના પગલે ગત રાત્રીથી જ સાવચેતીના પગલાં રૂપે એસ. ટી બસોના પૈડાં થંભાવી દેવાયા હતા. જૂનાગઢ એસ. ટી. ડિવિઝન ના ૯ ડેપો ના તમામ રુટો બંધ કરી દેવાયા હતા. તો જામનગરમાં દલિતોએ માનવસાંકળ રચી સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા. પોતાની માંગણીઓ રજૂ કરી હતી. તો બોટાદમાં લોકો રોડ પર ઉતરી આવ્યા હતા. સુરેન્દ્રનગરમાં દલિતોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. સુરતમાં મહારાષ્ટ્ર બંધને કારણે ૨૦૦ કરોડના પાર્સલો અટવાઈ ગયા હતા.

મહારાષ્ટ્રના પુણે પાસે ભીમા કોરેગાંવમાં થયેલી હિંસાની જ્વાળા ગુજરાત સુધી પહોચી ગઈ છે. મરાઠા તોફાનને પગલે સ્થાનિક કાપડ વેપારને અસર પહોંચી હતી. સુરત કાપડ માર્કેટના ૨૦૦ કરોડના પાર્સલો અટકી પડ્યા હતા. ટ્રાન્સપોર્ટમાં સાઉથ જતું ૨૦૦ કરોડના ટેક્સટાઈલ માલસામાન અટકી પડ્યો હતો. મુંબઈ—નાગપુર હાઈવેથી દક્ષિણ ભારત જતાં ગુડ્સ અટકી પડ્યા હતા.

પુણેમાં ભીમા-કોરેગાંવ યુદ્ધની ઉજવણી બાદ ફાટી નીકળેલી હિંસા સંદર્ભે જામનગરમાં દલિત સંગઠનોએ આક્રોશ ઠાલવ્યો હતો, સૂત્રોચ્ચાર કર્યા હતા. જામનગરના લાલ બંગલો સર્કલ પાસે માનવ સાંકળ કરી સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા અને કહ્યુ હતુ કે જામનગરના દલિતો અને તમામ આંબેડકરવાદી સંગઠનો ભગવા સંગઠનોની ખુલ્લી ગુંડાગિરીને સખ્ત રીતે વખોડી કાઢે છે અને માંગણી કરી છે કે હુમલાખોરો વિરૂદ્ધ ભારે કલમો હેઠળ ગુનો નોંધવામાં આવે અને તાકીદે ધરપકડ કરી જાહેરમાં સરભરા કરીને લોકઅપ તથા જેલમાં ધકેલી દેવામાં આવે.તથા બનાવ વખતે હાજર પોલીસોએ મૂક પ્રેક્ષકની ભૂમિકા ભજવી હોઈ જવાબદાર વિરૂદ્ધ સખ્ત પગલાં લેવામાં આવે હુમલાખોરોને કૃત્યોથી ભોગ બનેલાઓને જે વાહનો તોડી નાખ્યા કે સળગાવી નાખ્યા તેઓના માલિકોને વળતર ચુકવવમાં આવે અને જવાબદાર ત્યાંના કલેક્ટરને નોકરીમાંથી ફરજમુક્ત કરવામાં આવે અને મહારાષ્ટ્રની ભાજપ સરકારનું રાજુનામુ લઈ લેવા એમ જામનગર દલિત સમાજ દ્વારા માંગણી મુકવામાં આવી છે.

વેરાવળ એસ. ટી. ડેપો મેનેજર વી.બી.ડાંગરના જણાવ્યા મુજબ ગત રાત્રે ધોરાજી નજીક એસ.ટી. બસ સળગાવવાની ઘટના ના પગલે ડિવિઝન ઓફિસ દ્વારા સલામતીના ભાગ રૂપે વેરાવળ એસ. ટી ડેપોના તમામ રૂટ બંધ કરી દેવાયા હતા. જૂનાગઢ ખાતે રેલી હોવાના કારણે એસ. પી. દ્વારા કરાઈ તાકીદ કરાઈ છે. જૂનાગઢ એસ. પી.ની સૂચના બાદ તમામ બેસો ફરી ચાલુ થશે. વેરાવળ એસ. ટી ડેપો ના જુદા જુદા ૫૪ રુટો બંધ કરી દેવાયા હતા. વેરાવળ ડેપો સહિત જૂનાગઢ ડિવિઝનના તમામ ૯ ડેપોમાં આ જ સ્થિતિ સર્જાયી હતી. ગત રાત્રીથી તમામ રૂટ બંધ રહેતા મુસાફરો રઝળી પડ્યા હતાં, પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

બોટાદમાં મહારાષ્ટ્ર હિંસાનો ઉગ્ર વિરોધ કરતાં લોકો રસ્તા પર આવી ગયા હતા. સૂત્રોચ્ચારો કર્યા હતા. આ ઘટના વિશે વિરોધ દર્શાવ્યો હતો.



## મહારાષ્ટ્રમાં થયેલ અત્યાચારમાં ન્યાયિક કાર્યવાહી કરવા આવેદનપત્ર

મહારાષ્ટ્રમાં ભીમા કારેગાવમાં સોર્યદિનની ઉજવણી વખતે બહોળી સંખ્યામાં આવેલા દલિતો ઉપર મનુવાદી તત્વો દ્વારા હુમલા કરવામાં આવ્યા અને અત્યાચાર ગુજારી જાતીય હિંસા કરેલ જેના લીધે ભારત ભરના તમામ દલિતો રોસે ભરાયા છે. જેના ભાગરૂપે આજે ગુજરાત બંધનુ એલાન બાદ થરાદમાં પણ બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા થરાદના સમગ્ર દલિત સમાજના લોકો મહારાષ્ટ્રમાં બનેલી ઘટનાને વખોડી કાઢી અને આ ઘટનામાં જે ગુનેગાર મનુવાદી તત્વો છે તેમને કડક સજા થાય અને ગુજરાત તેમજ થરાદમાં શાંતી જળવાઈ રહે. જેના માટે દલિત આગેવાનો દ્વારા થરાદ નાયબ કલેક્ટરને આવેદન પાઠવવામાં આવ્યું હતુ.



## સે-૨૧માં ચુંદડીવાળા માતાજી પધાર્યા

ગાંધીનગર રાજયનું પાટનગર હોવા સાથે સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતું શહેર છે. શહેરના નાગિરકો ભારે શ્રધ્ધા સાથે અવારનવાર આધ્યાત્મિક તથા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. જેમાં નામી-અનામી સંતો તથા ધર્મગુરુઓ પણ પધારતા હોય છે. આજે સે-૨૧માં આ પ્રકારના જ એક ધાર્મિક કાર્યક્રમમાં અંબાજીના સુપ્રસિધ્ધ ચુંદડીવાળા માતાજી પધાર્યા હતા. જેના દર્શનનો લાભ લઈ અનેક ભાવિકોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## મહિનાનો વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી પ્રવૃતિ તાત્કાલિક બંધ કરવા તાકીદ કરવામાં આવી છે.

વાહનવ્યવહાર કમિશનરે જણાવ્યું હતું કે, નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ તમામ વાહનોમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફીટ કરાવવી ફરજિયાત છે. આગામી તા. ૨૨મી જાન્યુઆરીએ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ સુનાવણી છે. તા. ૨૨મી જાન્યુઆરીએ નામદાર સર્વોચ્ચ અદાલત જે આદેશ આપશે એ મુજબ રાજ્યમાં કાયદા મુજબ પગલાં લેવાશે. પરન્તુ નાગરિકોને ગંભીરતાપૂર્વક આ નિયમનું પાલન કરીને પોતાના વાહનોમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ સત્વરે ફીટ કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

## વોરંટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટેડિયમમાં ભાજપના એક સમારંભ બાદ ભાજપના સિનિયર નેતા આત્મારામ પટેલ સહિત ભાજપના સિનિયર નેતાઓ ઉપર આ આરોપીઓએ હૂમલો કરી તેમની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં આત્મારામ પટેલનું ધોતીયુ કાઢી નાખી તેમને માર મારવામાં આવ્યો હતો.

જેમની ઉપર હુમલો થયો તે તમામ નેતાઓ શંકરસિહં વાઘેલાના ટેકેદારો હતા અને ભાજપમાં બળવો થતાં તેઓ વાઘેલા સાથે મધ્યપ્રદેશના ખજુરાહો ગયા હતા. જેના કારણે નરેન્દ્ર મોદી અને અમિત શાહની ત્યારે નજીક ગણાતા ભાજપના આ જુથે ખજુરાહો ગયેલા નેતાઓને બદલો લેવા માટે તેમની ઉપર હુમલો કર્યો હતો.

આ કેસના ફરિયાદી જગરૂપસિંહ રાજપુત છે. આ ગુનાની પહેલી ફરિયાદ નારણપુરા પોલીસમાં નોંધાઈ હતી. બાદમાં તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. આ કેસમાં અનેક વખત સમન્સ નિકળવા છતાં એક પણ આરોપી હાજર નહીં રહેતા વોરંટ ઈસ્યુ થયા છે.

આ કેસ ફરી શરૂ થવા પાછળ રાજકિય કારણ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. છેલ્લાં ઘણા વર્ષોથી નરેન્દ્ર મોદી અને પ્રવિણ તોગડિયાના સંબંધો વણસેલા છે. તાજેતરમાં ભુવનેશ્વરમાં વિશ્વ હિન્દુ પરિષદના નવા પ્રમુખ પસંદ કરવા માટે ચૂંટણી પણ થઈ હતી.

જેમાં સંઘના નેતાઓની હાર થઈ હતી અને પ્રવિણ તોગડિયા ફરી ચૂંટાઈ આવ્યા હતા. જેના પ્રત્યાઘાત રૂપે પણ આ કેસ ફરી શરૂ કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે. પોલીસે કરેલી ચાર્જસીટમાં હજી ત્રણ આરોપી ફરાર હોવાનું જણાવ્યું છે. જેમાં ડૉ. એ.કે. પટેલ, નીરવ શાહ અને મંગળદાસ પટેલનો સમાવેશ થાય છે.

## પથ્થરથી આપ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. ૩૨ વર્ષના સિપાહી જગસીર સિંહ રાજૌરી જિલ્લામાં એલઓસી પર સરહદ પારથી પાકિસ્તાની સૈનિકો એ ગોળીઓ ચલાવી હતી. પાકિસ્તાને છેલ્લાં દસ વર્ષમાં સૌથી વધુ ૨૦૧૭ની સાલમાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું, તેનાથી સેનાના ૧૯ અને બીએસએફના ચાર જવાન સહિત ૩૫ લોકોના મોત થયા હતા.

૨૦૧૭માં સિક્યોરિટી ફોર્સે ઓપરેશન ઓલઆઉટ અંતર્ગત જમ્મુ કાશ્મીરમાં ૨૦૬ આતંકીઓને ઠાર કર્યા હતા. ત્નશ્દ્ધ પોલીસ ચીફ એસપી વૈદે કહ્યું કે, હું તે વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે અમારૂ ઓપરેશન માત્ર ટેરરિસ્ટને ઠાર કરવા માટે નથી, પરંતુ તેઓને મુખ્યધારામાં સામેલ કરવા માટે પણ છે. અમે ૭૫ યુવકોને મુખ્યધારામાં સામેલ કર્યા છે.

પાકિસ્તાન તરફથી બુધવારે સરહદ પર ઘણા સ્થળોએ યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. સાંબા ઉપરાંત પુંછ જિલ્લાના દિગવાર સેક્ટરમાં પણ પાકિસ્તાને ફાયરિંગ કર્યું છે. જે બાદ સરહદી વિસ્તારમાં તણાવ પ્રવર્તી રહ્યો છે. પાકિસ્તાની ફાયરિંગમાં શહીદ થયેલા જવાનનું નામ આરપી હાજરા હતું અને બુધવારે જ તેમનો જન્મ દિવસ હતો. ૫૧ વર્ષિય હાજરા પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના રહેવાસી હતા.

# માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૪ ડીગ્રી થતાં બરફ છવાયો

### સીત લહેરની અસરના કારણે જનજીવન પ્રભાવીત થયુ

પાલનપુર, તા. ૪

બનાસકાંઠાના પાડોશી રાજ્ય રાજસ્થાનનુ પર્યટન સ્થળ માઉન્ટઆબુમાં માઈનસ ચાર ડીગ્રી તાપમાન થઈ જતાં જનજીવન પ્રભાવીત થયું હતું.

મા. આબુના સ્થળો પર ઠેરઠેર બરફની ચાદર છવાઈ હોય એવા દશ્યો થવા પામ્યા હતા. સહેલાણીઓ ઠુઠવાયા હતા અને હોટલના રૂમમાં પુરાઈને રહેવુ પડ્યુ હતુ. નક્કીલેક તળાવમાં પણ ઠંડીની અસર જોવા મળી હતી. જ્યારે કેટલાક સહેલાણીઓએ ઠંડીના માહોલની મજા માણી હતી. હોટલ, ઘર આગળ પાણીના ભરેલા વાસણોમાં બરફ જામી ગયો હતો. મેદાનની લીલા ઘાસ સફેદ ચાદરમાં ફેરવાઈ હતી. મકાનો, કારો, વૃક્ષો પર બરફ જામેલો દેખાયો હતો. મા. આબુની કાતીલ ઠંડીની અસર બ.કાં.માં પણ જોવા મળી હતી. બ.કાં.નું તાપમાન ૯.૬ થવા પામ્યુ હતુ. વહેલી સવાર અને સમી સાંજે ઠંડીનો ચમકારો થવા પામ્યો હતો. મોસમ વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ ઠંડીનો ચમકારો યથાવત રહેશે.

# પક્ષ વિરુદ્ધ પ્રવૃત્તિ કરવા બદલ તલોદ નગરપાલિકાના ૬ કોર્પોરટેરોને ભાજપે સસ્પેન્ડ કર્યા

ગાંધીનગર,તા.૪

તલોદ નગરપાલિકાના ૬ કોર્પોરેટર્સને ભાજપ (ભારતીય જનતા પાટી)એ સસ્પેન્ડ કર્યાના અહેવાલ મળી રહ્યા છે. આ કોર્પોરેટર્સને પક્ષાંતર ધારા હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ પક્ષને નુકશાન કરનારાઓ સામે લાલ આંખ કરી છે. ભાજપે હાલમાં જ તલોદ નગરપાલિકાના ૬ કોર્પોરેટર્સને સસ્પેન્ડ કરવાનો નિર્ણય અમલી કર્યો છે. આ કોર્પોરેટર્સ દ્વારા પ્રમુખના મેન્ડેટથી વિરુદ્ધમાં મતદાન કરવાનો આરોપ હતો અને તે અંગે ભાજપે ગેરલાયક ઠેરવાતા આખરી નિર્ણય લઈ પક્ષાંતર ધારા હેઠળ તેમને સસ્પેન્ડ કર્યા છે.

## સજાની જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. લાલૂનું એલથી શરૂ થતું હોવાથી સજા આવતીકાલે થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, લાલૂ પ્રસાદ યાદવ પરિવારને ૨૩મી ડિસેમ્બરના દિવસે મોટો ફટકો પડ્યો હતો. બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ યાદવને ઘાસચારા કૌભાંડમાં વધુ એક મામલામાં રાંચીની સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. અલબત્ત કોર્ટે ૨૨ આરોપીઓમાંથી પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત ૭ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. લાલૂ યાદવને રાંચી કોર્ટમાંથી સીધીરીતે બિરસામુંડા જેલમાં લઈ જવામાં આવ્યા હતા. ૧૯૯૬માં થયેલા આ કૌભાંડ સાથે જોડાયેલા એક મામલામાં ૨૦૧૩માં નિચલી અદાલતે લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કૌભાંડમાં એવા લોકો ઉપર અલગ અલગ ૭ કેસો ચાલી રહ્યા છે. લાલૂ ઉપરાંત આરોપીઓમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત વિદ્યાસાગર મિસાદ, આરકે રાણા, ધ્રુવ ભગત, આઈએએસ ઓફિસર મહેશ પ્રસાદ, બેક જુલિયસ સહિત ૨૨ લોકો સામે કેસ ચાલી રહ્યો હતો. ઘાસચારા કૌભાંડમાં તત્કાલિન મુખ્યમંત્રી લાલૂ અને જગન્નાથ મિશ્રા ફસાઈ ગયા હતા. ૨૩મી ડિસેમ્બરે ખાસ અદાલતે દેવઘરની સરકારી તિજોરીમાંથી ૮૪.૫૩ લાખ રૂપિયાની ગેરકાયદેરીતે ઉચાપતના મામલામાં લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં દોષિત જાહેર થયા બાદ લાલૂને પોતાની સાંસદ તરીકેની છાપ ગુમાવવાની ફરજ પડી હતી અને એકરીતે રાજકીય વનવાસનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી ૧૯૯૬માં આશરે ૯૫૦ કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો તે વખતે તત્કાલીન અધિકારી અમિત ખરેએ પશુપાલન વિભાગની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. ત્યારે એવા દસ્તાવેજ મળ્યા હતા જેનાથી જાણવા મળ્યુ કે વર્ષ ૧૯૯૦માં એવી કંપનીઓને સરકારી ભંડોળથી ચારા પુરવઠાના નામ પર પૈસા જારી કરવામાં આવ્યા હતા. જે કંપનીઓ હતી જ નહી. માર્ચ ૨૦૧૨માં ઘાસચારા કૌભાંડ સાથે સંબધિત કેસમાં ૪૪ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

## ક્રિકેટ ટેસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવામાં આવી રહી છે. કેપટાઉન ખાતે આ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. જેનુ બપોરે બે વાગ્યાથી પ્રસારણ કરવામાં આવનાર છે. બીસીસીઆઈએ કહ્યું હતું કે, શિખર ધવન સંપૂર્ણ ફિટ છે અને પ્રથમ ટેસ્ટ મેચમાં રમવા માટે તૈયાર છે. બીજી બાજુ સ્પીનર રવિન્દ્ર જાડેજા છેલ્લા બે દિવસથી વાયરલ માંદગીમાં ગ્રસ્ત થઈ ગયો છે. મેચની શરૂઆતના કલાકો પહેલા તેની ફિટનેસના સંદર્ભમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, શિખર ધવન સંપૂર્ણપણે ફિટ છે અને ઓપનિંગ કરશે. જાડેજા છેલ્લા બે દિવસથી તાવમાં ગરકાવ થયો છે. જો કે તે પણ ફિટ થઈ જાય તેમ માનવામાં આવે છે. યજમાન આફ્રિકાની ટીમ ઘરઆંઘણે ખુ મજબુત રહી છે. ટીમમાં કેપ્ટન ડુ પ્લેસીસ સિવાય ડિવિલિયર્સ, હાસીમ અમલા જેવા આધારભુત બેટ્સમેનો રહેલા છે. દુનિયામાં સૌથી ઘાતક બોલિગ હાલમાં આફ્રિકા પાસે જ છે તે બાબતની કબુલાત તો હિટમેન રોહિત શર્મા પણ કરી ચુક્યો છે. વર્ષની સૌથી રોમાંચક શ્રેણી બની રહે તેવી શકયતા છે.

આફ્રિકાની ટીમ: પ્લેસિસ (કેપ્ટન), અમલા, બાવુમા, બ્રુયન, કોક, ડિવિલિયર્સ, એલ્ગર, મહારાજ, મારક્રમ, મોર્કેલ, મોરિસ, ફેલુકવાયો, ફિલાન્ડર, રબાડા અને સ્ટેઈન.

ભારતની ટીમ : કોહલી (કેપ્ટન), રહાણે, અશ્વિન, બુમરાહ, ધવન, ભુવનેશ્વર, સમી, હાર્દિક પંડ્યા, પાર્થિવ પટેલ, પુજારા, લોકેશ રાહુલ, સહા, ઈશાંત, રોહિત શર્મા, મુરલી વિજય, ઉમેશ યાદવ